રે.દિ.મુ.નં.૫૮૬/૨૦૨૧

**::આંક–૧૩ લગત હુકમ ::**

**૧.** સદર કામના પ્રતિવાદી નં.૨ ધ્વારા હાલની અરજી સીવીલ પ્રોસીજર કોડ હુકમ ૭ નિ.૧૧ મુજબ દાખલ કરી જણાવેલ છે કે જામનગર જીલ્લાના જોડીયા તાલુકાના નવા સર્વે નં. ૯૮૦ અને ૯૮૨ની જમીનની ઉગમણી બાજુએ ઉંડ નદીના કાંઠાની સરકારી જગામા એ.૧.૦૦ ગું.નુ દબાણ રેકર્ડ પર ખુલવા પામતા મજકુર દબાણકાર સામે કેસ નં.૩/૨૦૨૧ તા.૧૧/૬/૨૦૨૧ના રોજ જમીન મહેસુલ અધિનિયમની કલમ ૬૧ મુજબ સરકારી જમીનમા ગેરકાયદેસર દબાણ કરવા બદલ નોટીસ ઈસ્યુ કરવામા આવતા મજકુર દાવો દાખલ કરવામા આવેલ હોય તેથી હાલનો દાવો ઉપરોકત કલમ હેઠળની કાર્યવાહી અટકાવી દેવા માટે દાખલ કરવામા આવેલ છે. વધુમા જણાવેલ છે કે મજકુર દબાણ કેસ અંગે પુરતી રજુઆતના તેમજ જે કાંચ હુકમ થાય તે અંગે અપીલ–રીવીઝન અંગેના અધિકારો રહેલા છે પરંતુ વાદી ધ્વારા રેવન્યુ રાહે મળી શકતી તમામ દાદો મેળવ્યા સિવાય માત્રને માત્ર ચાલુ કાર્યવાહીને અટકાવી દેવા દાખલ કરેલ હોય હાલના દાવાને રેવન્યુ જયુરીશ્ડીકશન એકટની જોગવાઈઓનો સ્પષ્ટ બાધ નડતો હોય હાલનો દાવો સી.પી.સી હુકમ ૭ નિ.૧૧ મુજબ પ્લેઈન્ટ રીજેકટ કરવા અરજ કરેલ છે.

**૨.** અરજી બાબતે વાદી તરફે આંક–૧૬થી વાંધા જવાબ રજુ કરવામા આવેલ છે અને પ્રતિવાદીઓ ના.કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલ ન હોય તથા રેવન્યુ જયુરીશ્ડીકશનનો બાધ નડતો હોવાની હકીકત ખરી ન હોવાનુ જણાવેલ છે. વધુમા સદરહુ જમીન વાદીના કબજામા ૪૭ વરસ જેટલા સમયથી જમીન વાદીના પિતાને ભાઠામા વાવેતર માટે કાયદેસર રીતે મળેલ હોય આ જમીન પર કોઈ દબાણ ન હોવા છતાં અને સરકારશ્રીને આ જમીન અન્ય કોઈ હેતુ માટે જોઈતી હોય તો તેના ઉપર કોઈ કાર્યવાહી ન હોય તેમ છતાં મામલતદારશ્રી જોડીયા ધ્વારા જ જમીનનો વપરાશ કરવા હુકમ કરેલ તે હુકમને રદ ન થયેલ હોવા છતાં હાલના મામલતદારશ્રી ધ્વારા ગેરકાયદેસર રીતે આ જમીન ઝુંટવી લેવા કાર્યવાહી કરેલ હોય તે સંજોગોમા વાદીને દાવો કરવા સત્તા હોય અરજી દાવો કરેલ હોય તેથી હાલની અરજી રદ કરવા જણાવેલ છે.

**૩.** સદરહુ અરજી બાબતે પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી આર.કે.વસીયરને સાંભળ્યા. વિ.વ.શ્રીએ અરજી મુજબની હકીકતો આધારે દાવો ટકી શકે તેમ ન હોય અરજી મંજુર કરવા જણાવેલ છે. વિ.વ.શ્રીએ આંક–૧૭થી લેખિત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી.

સદર કામે વાદી તરફે વિ.વ.શ્રી પી.વી.મકવાણાએ તેમની દલીલમા જણાવેલ છે સી.પી.સી ઓ.૭ નિ.૧૧ મુજબની અરજીની સુનાવણી સમયે માત્ર દાવા અરજીમા જ ઘ્યાને લેવાની હોય છે અને તે મુજબ વાદીને દાવાઅરજીની જમીન સરકારી હુકમ અનુસાર વાવેતર માટે આપવામા આવેલ હોવાનુ દાવાઅરજીમા છે. વાદીનો કબજો ગેરકાયદેસરનો નથી અને તેને દબાણના કેસ આધારે જયારે હેરાન કરવામા આવે ત્યારે વાદી પાસે સીવીલ કોર્ટ સિવાય અન્ય કોઈ દાદ મેળવવાની વ્યવસ્થા ન હોય તેથી અરજી રદ કરવા જણાવેલ છે. વધુમા વાદીએ નિ.૩/૧થી મામલતદાર, જોડીયા ઘ્વારા વાદીના દાદાને અપાયેલ જમીન બાબતનો હુકમ ઘ્યાને લેવા અરજ કરેલ છે અને તે હુકમ મુજબ આ જમીન વાવેતર માટે આપવામા આવેલ હોવાનુ દલીલ કરી જણાવેલ છે.

પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી આર.કે.વસીયર ઘ્વારા આ જમીન એક વરસ માટે જ આપવામા આવી હતી અને તેથી જમીનમા દબાણ કહી શકાય તેમ દલીલ કરેલ છે. વધુમા આ હુકમ અનુસાર જમીન એક વરસ માટે જ આપવામા આવી હતી તેવુ હુકમમા ન હોય તે બાબતે ખુલાસો કરવા વકીલશ્રીને સમય આપવામા આવેલ છે પરંતુ આ બાબતે કોઈ રજુઆત કે ખુલાસો આવેલ નથી. વિ.વ.શ્રી ઘ્વારા ના. ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૧(૨)જી.એલ.એચ પાન ૩૭૪ના સ્ટેટ ઓફ ગુજરાત વિ. કોલવડા ગ્રામ પંચાયતના ચુકાદા પર આધાર રાખેલ છે. પરંતુ સદરહુ કેસમા મામલતદારશ્રીના હુકમ સામે તમામ રેમેડી મુજબ કાર્યવાહી કર્યા સિવાય દાખલ કરેલ હતો જયારે હાલના કેસમા મામલતદારશ્રી ઘ્વારા કોઈ હુકમ કરવામા આવેલ હોય તેવુ રેકર્ડ પર નથી. આ સંજગોમા હાલના કેસના સંજોગો અને હકીકતો પ્રતિવાદીએ રજુ કરેલ ચુકાદાની હકીકતોથી અલગ છે અને હાલની કોર્ટને સદરહુ દાવો ચલાવવા હકુમત રહે છે કે કેમ તે બાબત પુરાવો લીધા સિવાય નકકી થઈ શકે તેમ ન હોય તેથી વિ.વ.શ્રીની રજુઆત તેમના કેસને મદદરૂપ થતી નથી તેમ અમારુ માનવુ છે.

૪. સદર કામે પ્રતિવાદી ઘ્વારા વાદીએ દાવો કલમ ૬૧ મુજબની કાર્યવાહી અટકાવવવા કરેલ હોવાનો આધાર રાખેલ છે અને તે આધારે રેવન્યુ જયુરીશ્ડીકશનનો બાધ હોવાનુ જણાવી દાવો કાઢી નાખવા જણાવેલ છે. સામાન્ય રીતે સી.પી.સી ઓ.૭ નિ.૧૧ની જોગવાઈ મુજબ જયારે કોઈ કાયદાથી સ્પષ્ટ કે ગર્ભિત પ્રતિબંધ હોય ત્યારે આવી અરજી મંજુર કરવાપાત્ર રહે છે. હાલના કામે વાદીના દાવાને રેવન્યુ જયુરીશ્ડીકશનનો બાધ હોય તેમ જણાવેલ છે. વધુમા દાવાઅરજી સાથે વાદીએ રજુ કરેલ દસ્તાવેજો પૈકી નિ.૩/૧ મુજબ વાદી આ જમીન મામલતદારશ્રી જોડીયાના તા.૨૦/૭/૭૩ના હુકમ અનુસાર ધરાવતા હોય તેવુ પ્રાયમાફેસી ફલિત થાય છે. આ

હુકમ રદ થયેલ હોય તેવી પ્રતિવાદી તરફે કોઈ રજુઆત નથી. પ્રતિવાદીના વિ.વ.શ્રીને આ હુકમ એક વરસ જેટલા સમય માટે જ હતો તે બાબતે રજુઆત માટે સમય આપેલ છે પરંતુ આ બાબતે કોઈ રજુઆત કે ખુલાસો કે હુકમ રજુ થયેલ નથી. આમ, હાલના કામમા પ્રતિવાદી એ કરેલ રજુઆત મુજબ લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૧ મુજબ બાધિત થાય છે કે કેમ તે પુરાવો લીધા સિવાય નક્કી થઈ શકે તેમ ન હોવાનુ અમારુ માનવુ છે.

આમ, રેકર્ડ જોતાં વાદી ધ્વારા દાવાવાળી જમીનનો કબજો ૪૭ વરસ જેટલા સમયથી હોય તે હકીકત જોતાં એડવર્સ પજેશનનો ઈસ્યુ પણ આ કામે ઉદભવી શકે તેમ હોય તે સંજોગોમા વાદીના દાવાને રેવન્યુ જયુરીશ્ડીકશનનો બાધ કઈ રીતે નડે છે તે બાબતે કેસની હકીકતો મુજબ પુરાવો લીધા સિવાય આ બાબત નક્કી થઈ ન શકે તેમ હોય અને વાદીની દાવાઅરજી જોતાં વાદીનો દાવો સી.પી.સી ઓ.૭ નિ.૧૧ની જોગવાઈ મુજબ કાઢી નાખવાપાત્ર હોય તેવી હકીકતો ધરાવતો ન હોય સમગ્ર રીતે જોતાં હાલની અરજી ટકી શકે તેમ ન હોય પ્રતિવાદીની હાલની અરજી નામંજુર કરવાપાત્ર છે તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**:: હુ ક મ::**

૧. આથી પ્રતિવાદી નં. ૨ નાઓની હાલની સી.પી.સી ઓ.૭ નિ.૧૧ મુજબની અરજી નામંજુર કરવામા આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

સદરહુ હુકમ આજરોજ તા.૮મી, માહે સપ્ટેમ્બર, સન ૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : જામનગર.**

**(સી.કે.પીપલિયા)**
**૭મા એડી.સીનીયર સીવીલ જજ, જામનગર.**